# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 23-07-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

*****************************************************

1. **વિરોધ પક્ષનાં મુદ્દે હોબાળાના પગલે સંસદની કાર્યવાહી બે વાગ્યા સુધી સ્થગિત.**
2. **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજથી બ્રિટન અને માલદીવની 4 દિવસની સત્તાવાર મુલાકાતે જવા રવાના થયાં.**
3. **સરહદ પારનાં આતંકવાદને પ્રોત્સાહન આપતા દેશો સામે આકરા પગલાં લેવા ભારતની સંયુક્ત રાષ્ટ્રસંઘમાં હાકલ.**
4. **એશિયન ડેવલપમેન્ટ બેંકનો 6.7 ટકાના દરે ભારતના વિકાસનો અંદાજ.**
5. **ભારત અને ઇંગ્લેંડ વચ્ચે માંન્ચેસ્ટરમાં ચોથી ટેસ્ટનો આજથી આરંભ**

.....................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LS - RS - ADJOURN

વિવિધ મુદ્દાઓ પર વિરોધ પક્ષનાં સભ્યો દ્વારા કરવામાં આવેલા નારાબાજી વચ્ચે લોકસભા અને રાજ્યસભા બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. જ્યારે લોકસભા સવારે 11 વાગ્યે મળી, ત્યારે લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પ્રશ્નકાળ શરૂ કર્યો, ત્યારે વિપક્ષી સભ્યોએ બિહારમાં વિશેષ સઘન સુધારા અને અન્ય મુદ્દાઓ પર ચર્ચાની માંગણી કરતા સૂત્રોચ્ચાર શરૂ કર્યા.

શ્રી બિરલાએ વિપક્ષને પ્રશ્નકાળની મંજૂરી આપવા અપીલ કરી અને કહ્યું કે દેશના લોકો તેમના વર્તન પર નજર રાખી રહ્યા છે. તેમણે ગૃહમાં વિક્ષેપ પેદા કરવા અને પ્લેકાર્ડ પ્રદર્શિત કરવા બદલ ચિંતા વ્યક્ત કરી. રાજ્યસભામાં પણ એજ સ્થિતિ સર્જાતા ઉપલા ગૃહને પણ બે વાગ્યા રહી મુલતવી રાખવું પડ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

# VAISHNAWI - RAILWAY

કેન્દ્રીય રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે છેલ્લા અગિયાર વર્ષમાં બિહારને રેલ્વે પ્રોજેક્ટ્સ માટે આપવામાં આવતી બજેટ ફાળવણીમાં નવ ગણો વધારો કરવામાં આવ્યો છે. લોકસભામાં એક પ્રશ્નના જવાબમાં શ્રી વૈષ્ણવે આ મુજબ જણાવ્યુ હતું.

શ્રી વૈષ્ણવે ગૃહમાં માહિતી આપતા જણાવ્યુ હતું કે ઘણા વર્ષોથી બાકી રહેલા વિવિધ રેલ્વે પ્રોજેક્ટ્સ હવે પૂર્ણ થઈ ગયા છે. રાજ્યમાં ૯૮ સ્ટેશનો પર પુનર્વિકાસનું કામ ચાલી રહ્યું છે. શ્રી વૈષ્ણવે બિહારમાં આઠ વંદે ભારત અને પાંચ અમૃત ભારત ટ્રેન કાર્યરત હોવાનું પણ કહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . .

# PM MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે બ્રિટન અને માલદીવની 4 દિવસની સત્તાવાર મુલાકાતે જવા રવાના થયા છે.

પ્રથમ તબક્કામાં, શ્રી મોદી બે દિવસની મુલાકાતે યુકે જશે. નવી દિલ્હીમાં મીડિયાને માહિતી આપતા, વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે, શ્રી મોદી તેમના બ્રિટિશ સમકક્ષ કીર સ્ટારમર સાથે ચર્ચા કરશે અને રાજા ચાર્લ્સ રાજા ત્રીજાને મળશે.

બીજા તબક્કામાં શ્રી મોદી 25 થી 26 જુલાઈ દરમિયાન માલદીવની મુલાકાતે જશે. તેઓ બંન્ને દેશોનાં ઉદ્યોગપતિઓ સાથે પણ વાતચીત કરશે.

. . . . . . . . . . .

# PM -TN VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી 27 અને 28 જુલાઇએ તમિલનાડુના બે દિવસના પ્રવાસે જશે. પ્રધાનમંત્રી 27 તારીખે અરિયાલુર જિલ્લાના ગંગાઈકોંડા ચોલાપુરમ ખાતે રાજા રાજેન્દ્ર ચોલા એક ના ગંગા વિજયની 1000મી વર્ષગાંઠમાં હાજરી આપશે.

તમિલનાડુ સરકાર 23 જુલાઈથી તેમની જન્મજયંતિ ઉજવી રહી છે. આ કાર્યક્રમ યુનેસ્કોના વિશ્વ ધરોહર સ્થળ બૃહદીશ્વર મંદિર ખાતે આયોજિત કરવામાં આવ્યો છે. પ્રધાનમંત્રી આ પ્રસંગની યાદમાં એક સિક્કો પણ પ્રસિધ્ધ કરશે. રાજા રાજેન્દ્ર ચોલા 1 ના ગંગા અભિયાન અને કદરામ અભિયાન, શૈવ ધર્મ અને ચોલ યુગ સાથે સંબંધિત લઘુચિત્ર શિલ્પો પર ASI દ્વારા એક ફોટો પ્રદર્શન પણ યોજાશે.

પ્રધાનમંત્રી આ મહિનાની 28 તારીખે થુથુકુડી ખાતે અપગ્રેડેડ અને આધુનિક એરપોર્ટનું ઉદ્ઘાટન પણ કરશે. 1992 માં બનેલ એરપોર્ટનું 381 કરોડ રૂપિયાના ખર્ચે આધુનિકીકરણ અને વિસ્તરણ કરવામાં આવ્યું છે. ૧૩૫૦ મીટરનો રનવે હવે ૩૦૦૦ મીટર સુધી વિસ્તૃત થતાં એક સાથે પાંચ વિમાન પાર્ક કરી શકાય છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# UN INDIA PAK

ભારતે સરહદ પારના આતંકવાદને પ્રોત્સાહન આપતા દેશો સામે આકરા પગલાં લેવાની હાકલ કરી છે. સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં ભારતના કાયમી પ્રતિનિધિ પી. હરીશે જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય શાંતિ અને સુરક્ષાને પ્રોત્સાહન આપવા માટે આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતા સહિત કેટલાક મૂળભૂત સિદ્ધાંતોનું પાલન કરવું આવશ્યક છે.

બહુપક્ષીયતા અને વિવાદોના શાંતિપૂર્ણ સમાધાન પર કાઉન્સિલની ખુલ્લી ચર્ચામાં બોલતા, તેમણે કહ્યું કે પાકિસ્તાનના ડાયરેક્ટર જનરલ ઓફ મિલિટરી ઓપરેશન્સની સીધી વિનંતી બાદ ઓપરેશન સિંદૂર રોકવામાં આવ્યું હતું. તેમણે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની મધ્યસ્થી અંગેના દાવાઓને નકારી કાઢ્યા હતા. તેમણે યુદ્ધવિરામમાં અમેરિકાની મધ્યસ્થી અથવા વેપાર સોદો સામેલ નહીં હોવાનો પુનરોચ્ચાર કર્યો હતો. પાકિસ્તાન આતંકવાદને ટેકો આપવાનું બંધ ન કરે ત્યાં સુધી

સિંધુ જળ સંધિ સ્થગિત કરવામાં આવી હોવાની શ્રી હરીશે સ્પષ્ટતા કરી હતી.

. . . . . . . . . . .

# NATIONAL BROADCASTING DAY

આજે રાષ્ટ્રીય પ્રસારણ દિવસ ઉજવવામાં આવી રહ્યો છે. 1927 માં આજ ના દિવસે, દેશમાં ઇન્ડિયન બ્રોડકાસ્ટિંગ કંપની હેઠળ બોમ્બે સ્ટેશનથી સૌપ્રથમ રેડિયો પ્રસારણ પ્રસારિત થયું હતું.

8 જૂન, 1936 ના દિવસે ઇન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસનું નામ બદલીને ઓલ ઇન્ડિયા રેડિયો રાખવામાં આવ્યું અને બાદમાં તેનું નામ આકાશવાણી રાખવામાં આવ્યું. વર્ષોથી, આકાશવાણીએ વિવિધ પ્રેક્ષકો સુધી તેની વિશાળ પહોંચ સાથે પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે.

આજે રાષ્ટ્રીય પ્રસારણ દિવસ છે. આજના આ દિવસે પ્રસાર ભારતીના અધ્યક્ષ નવનીત સહેગલે શ્રોતાઓને એક સંદેશ પાઠવતાં આ મુજબ જણાવ્યું હતું.

## (વોઇસ કાસ્ટ – નવનીત સહેગલ)

. . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.**

**(ગોન્ગ મ્યુઝિક)**

....

# PM LOK MANYA TILAK

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વાતંત્ર સંગ્રામમમાં મહત્વની ભૂમિકા ભજવનાર લોકમાન્ય તિલકને તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ અર્પણ કરી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીએ કહ્યું કે લોકમાન્ય તિલક એક અગ્રણી નેતા હતા જેમણે ભારતના સ્વતંત્રતા આંદોલનની ભાવનાને અતૂટ શ્રદ્ધા સાથે પ્રજ્વલિત કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

શ્રી મોદીએ સ્વાતંત્ર્ય સેનાની ચંદ્ર શેખર આઝાદને પણ તેમની જન્મજયંતિ પર શ્રદ્ધાંજલિ આપી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે શ્રી આઝાદ અપ્રતિમ બહાદુરી અને હિંમતનું પ્રતિક હતા. તેઓ યુવાનોને ન્યાયી, હિંમત અને દૃઢ નિશ્ચય સાથે ઉભા રહેવા માટે પ્રેરિત કરે છે.

. . . . . . . .

# J&K- REASI DISTRICT

જમ્મુ અને કાશ્મીરમાં, રિયાસી જિલ્લાના બડોરા વિસ્તારમાં ગઈકાલે રાત્રે ભૂસ્ખલનમાં બે લોકોના મોત થયા હતા અને એક ગંભીર રીતે ઘાયલ થયો હતો.

આકાશવાણી જમ્મુ સંવાદદાતાના અહેવાલ મુજબ, ગુફા નજીક એક તંબુમાં પીડિતો સૂતા હતા ત્યારે અચાનક એક ટેકરી પરથી કાટમાળ સ્થળ પર પડ્યો, કાટમાળ નીચે દટાઈ ગયેલા બે વ્યક્તિના ઘટનાસ્થળે જ મોત થયા હતા અને ત્રીજાને ગંભીર ઈજાઓ થઈ હતી.

શિવ ગુફા બડોરા ખાતે યોજાનારા ધાર્મિક કાર્યક્રમની તૈયારી માટે પીડિતો સ્થળ પર રોકાયા હતા. ઘાયલોની સારવાર ચાલી રહી છે અને તેમની હાલત સ્થિર હોવાનું જણાવાયું છે.

. . . .

# INDIA GDP-ADB

ભારતીય અર્થતંત્રનો ચાલુ વર્ષે GDPમાં 6.5 ટકા અને આગામી વર્ષે 6.7 ટકાના દરે વિકાસનો અંદાજ આંકવામાં આવ્યો છે. એશિયન ડેવલપમેન્ટ બેંકના એક અહેવાલમાં જણાવાયું છે કે મજબૂત સ્થાનિક માંગ, સામાન્ય ચોમાસુ અને નાણાકીય પ્રવાહના કારણે વૃદ્ધિના અંદાજને ટેકો મળ્યો છે.

અહેવાલમાં ફુગાવામાં ચાલુ વર્ષે 3.8 ટકા અને આગામી વર્ષે 4 ટકાનો અંદાજ રાખવામા આવ્યો છે. ખાદ્ય પદાર્થોના ભાવમાં ઘટાડો થવાથી ફુગાવાને કાબુમાં લેવામાં મદદ મળી છે. ભારતીય ઉદ્યોગ સંઘે ચાલુ નાણાકીય વર્ષ માટે ભારતનો વાસ્તવિક GDP વૃદ્ધિ દર 6.4 ટકાથી 6.7 ટકાની વચ્ચે રહેવાનો અંદાજ લગાવ્યો હતો, જે વિશ્વના સૌથી ઝડપથી વિકસતા મુખ્ય અર્થતંત્ર તરીકે તેની સ્થિતિને વધુ મજબૂત બનાવે છે.

. . . . . . . . . . . . . . . . . . . .

# BURN SPECIAL DOCTORS TEAM VISIT DHAKA

બાંગ્લાદેશમાં લશ્કરી વિમાન દુર્ઘટનામાં ઘાયલોની સારવાર માટે, ભારત ઢાકામાં નિષ્ણાત ડોકટરો અને નર્સોની એક ટીમ મોકલી રહ્યું છે. બાંગ્લાદેશ વાયુસેનાનું એક ચીની બનાવટનું ટ્રેનર ફાઇટર જેટ 21 જુલાઈના રોજ ઢાકાની માઇલસ્ટોન સ્કૂલ એન્ડ કોલેજની ઇમારત સાથે અથડાયું હતું, જેમાં ઓછામાં ઓછા 31 લોકો માર્યા ગયા હતા. દુઃખદ વાત એ છે કે, મૃતકોમાં મોટાભાગના શાળાના બાળકોનો સમાવેશ થાય છે.

વિદેશ મંત્રાલયે જણાવ્યું હતું કે, જરૂરી તબીબી સહાયની સાથે, 'બર્ન નિષ્ણાત ડોકટરો અને નર્સોની એક ટીમ ટૂંક સમયમાં પીડિતોની સારવાર માટે બાંગ્લાદેશના ઢાકા જશે. બર્ન-સ્પેશિયાલિસ્ટ ડોકટરોની ટીમ દર્દીઓની સ્થિતિનું મૂલ્યાંકન કરશે અને જરૂર મુજબ ભારતમાં વધુ સારવાર અને વિશેષ સંભાળની ભલામણ કરશે.

. . . . .

# CRICKET

ક્રિકેટમાં, ભારત અને ઇંગ્લેન્ડ આજથી માન્ચેસ્ટરના ઓલ્ડ ટ્રેફોર્ડ ખાતે ચોથી ટેસ્ટ મેચ રમશે. ભારત પાંચ મેચની ટેસ્ટ શ્રેણીમાં 1-2 થી પાછળ છે. આ મેચ ભારતીય સમય મુજબ બપોરે 3:30 વાગ્યે શરૂ થશે. શ્રેણી સરભર કરવા ભારત પૂરી તાકાત સાથે મેદાનામાં ઉતરશે. જ્યારે શ્રેણી જીતવાના ધ્યેય સાથે યજમાન ટીમ એડીચોટીનું જોર લગાવશે.

. . . . . . . . . .